Tuesday
20.10.2026
*Volume :11 * Issue No.108
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily




*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-




# જાપાનના ઓસાકા ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં હાઈ-લેવલ રાઉન્ડટેબલ બેઠક યોજાઈ

## ગુજરાત અને જાપાન વચ્ચે સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ અને ઇન્વેસ્ટમેન્ટની નવી તકો અંગે વિસ્તૃત ચર્ચા થઈ

### ગુજરાત એટલે સ્પીડ, સ્કેલ અને સ્ટેબિલિટીઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

**નાયબ મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ઓસાકા ખાતે ૧૧ વન-ટુ-વન બેઠકો અને ૧ રાઉન્ડટેબલ કોન્ફરન્સ**




**સેમિકન્ડક્ટર, ગ્રીન એનર્જી અને ઇલેક્ટ્રોનિક્સ જેવા ઉભરતા ક્ષેત્રોમાં રોકાણ કરવા જાપાનીઝ ઉદ્યોગપતિઓને આહ્વાન**

**વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટે આમંત્રણ**

કમલમ્,

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત જાપાન પ્રવાસે ગયેલા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઓસાકા ખાતે જાપાનના અગ્રણી ઉદ્યોગપતિઓ અને રોકાણકારો સાથે એક ઉચ્ચ સ્તરીય 'ઈન્વેસ્ટ ઈન ગુજરાત' રાઉન્ડટેબલ બેઠક યોજી હતી. ગુજરાત અને જાપાન વચ્ચેના આર્થિક સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા અને પરસ્પર સમૃદ્ધિ માટે સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશ સાથે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. રાઉન્ડટેબલ કોન્ફરન્સમાં ઉપસ્થિત વૈશ્વિક ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓને સંબોધતા નાયબ મુખ્યમંત્રીએ મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ ગુજરાત વતી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જાપાન ઊગતા સૂર્યનો દેશ છે અને ગુજરાત ઊગતી તકોની ભૂમિ છે.

ભારત અને જાપાન માત્ર વેપાર જ નહીં, પરંતુ પરસ્પર વિશ્વાસ, આદર અને મૂલ્યોની સાથોસાથ સહિયારી સંસ્કૃતિ પણ ધરાવે છે. બંને દેશોની મિત્રતા સદીઓ જૂની છે, આજે આપણી સામે વિકાસની અસીમ નવી તકો ઉપલબ્ધ છે. ગુજરાતની આર્થિક ક્ષમતા અને ઔદ્યોગિક

### જાપાન ઊગતા સૂર્યનો દેશ છે અને ગુજરાત ઊગતી તકોની ભૂમિ છેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

ગતિશીલતાના આંકડા રજૂ કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશની માત્ર ૫ ટકા વસ્તી ધરાવતું ગુજરાત ભારતના જીડીપીમાં ૮ ટકાથી વધુનું યોગદાન આપે છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૮ ટકા છે, જ્યારે ભારતની કુલ નિકાસમાંથી લગભગ એક તૃતીયાંશ (૧/૩) નિકાસ એકલા ગુજરાતમાંથી થાય છે.

આ ઉપરાંત ભારતના કુલ કાર્ગો હેન્ડલિંગનો ૪૦ ટકા હિસ્સો ગુજરાતના બંદરો દ્વારા સંચાલિત થાય છે અને રાજ્યની ૬૫ ટકા ઊર્જા રિન્યુએબલ એનર્જી સ્ત્રોતો માંથી મળે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગુજરાત એટલે 'સ્પીડ, સ્કેલ અને સ્ટેબિલિટી'. ગુજરાતમાં નિર્ણયો ઝડપી લેવાય છે અને નીતિઓ અત્યંત પારદર્શક તથા સ્પષ્ટ છે. ગુજરાત એ સમગ્ર ભારતનું પ્રવેશદ્વાર છે અને ભારત વિશ્વ માટેનું પ્રવેશદ્વાર છે. જાપાન અને ગુજરાત વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું કે, સુઝુકી, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અને જાપાનીઝ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ સાબિત કરે છે કે જાપાન ગુજરાતમાં પહેલેથી જ પોતાના ઘર જેવો માહોલ અનુભવે છે. ભવિષ્યના વિકાસની રૂપરેખા આપતા તેમણે કહ્યું કે સેમિકન્ડક્ટર, ગ્રીન એનર્જી, ઈલેક્ટ્રિક વ્હીકલ્સ (EV) અને ઈલેક્ટ્રોનિક્સ જેવા ફ્યુચરિસ્ટિક સેક્ટર્સનું કેન્દ્ર આજે ગુજરાત બની રહ્યું છે. જાપાન પાસે અત્યાધુનિક ટેક્નોલોજી છે અને ગુજરાત પાસે શ્રેષ્ઠ ટેલેન્ટ છે; બંને શક્તિઓ ભેગી મળીને વૈશ્વિક સ્તરે નેતૃત્વ પૂરું પાડી શકે છે.

નાયબ મુખ્યમંત્રીએ જાપાનના રોકાણકારોને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવતા 'આવો, જુઓ, રોકાણ કરો અને અમારી સાથે વિકાસ સાધો'નું આહવાન કર્યું હતું. જાપાન ખાતે યોજાયેલી રાઉન્ડ ટેબલ બેઠકમાં ડાઈકી એલ્યુમિનિયમ ઈન્ડસ્ટ્રી કો. લિમિટેડના ડાયરેક્ટર અને સિનિયર મેનેજિંગ એક્ઝિક્યુટિવ ઓફિસર કાઝુશી ગોટો, કન્સાઈ જાપાન-ઈન્ડિયા એસોસિએશનના સેક્રેટરી જનરલ સુસુમુ સાઈટો, નાકાનિશિ મેટલ વર્ક્સ કો., લિમિટેડના ઓપરેટિંગ ઓફિસર કેઈટા ઈટો, પેનાસોનિક એનર્જીના ડાયરેક્ટર દાઈસુકે તાકાહાશી, પેનાસોનિક એનર્જીના ડાયરેક્ટર, સ્ટ્રેટેજિક ઈન્ટેલિજન્સ એન્ડ એક્સટર્નલ અફેર્સ નોબુટો નાકાનિશિ અને હિગાશિયોસાકાના મેયર યોશિકાઝુ નોડા તથા આશિયા સિટીના મેયર ર્યોસુકે તાકાશિમા ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત જાપાનની વિવિધ અગ્રણી કંપનીઓના ઉદ્યોગપતિઓ અને જાપાન સરકારના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ઓસાકા ખાતેના આજના કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીએ ૧ હાઈ-લેવલ રાઉન્ડટેબલ કોન્ફરન્સ ઉપરાંત વિવિધ ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે ૧૧ મહત્વપૂર્ણ વન-ટુ-વન બેઠકો યોજશે અને ગુજરાતમાં મોટા પાયે રોકાણ લાવવા અને નવા ઔદ્યોગિક જોડાણો સ્થાપિત કરવા અંગે ફળદાયી ચર્ચાઓ કરશે.

# 'જે કહેવું તે કરવું' સાકાર કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## કરજણ નદી પરના બ્રિજમાં ગંભીર ગુણવત્તાકીય ક્ષતિઓ સામે આવતા કોન્ટ્રાક્ટર સામે પોલીસ ફરિયાદની ફોજદારી કાર્યવાહી

### ૨૦૨૦માં નિર્માણ થયેલા બ્રિજની ચકાસણીમાં એક પાયો નબળો જણાયા બાદ ક્વોલિટી કંટ્રોલની તપાસમાં બ્રિજના અન્ય ભાગોમાં પણ ક્ષતિ ધ્યાને આવતા મુખ્યમંત્રીશ્રીએ અપનાવ્યું કડક વલણ

કમલમ્,

નર્મદા જિલ્લામાં રાજપીપળા-રામગઢ (નવાગામ) રોડ ઉપર કરજણ નદી પરના મેજર બ્રિજના બાંધકામની નબળી ગુણવત્તા અંગે કોન્ટ્રાક્ટર સામે અસરકારક અને કડક પગલાં લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના માર્ગ મકાન વિભાગને આ બ્રિજના બાંધકામમાં સંકળાયેલા મેસર્સ રોયલ ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ., સુરત સામે ફોજદારી ફરિયાદ-FIR દાખલ કરવાના દિશાનિર્દેશો આપવાને પગલે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં FIR કરવામાં આવી છે. રાજપીપળા અને રામગઢ આસપાસના વિસ્તારો માટે ખૂબ જ અગત્યતા ધરાવતા આ બ્રિજની કામગીરી ગુણવત્તાયુક્ત ન હોવાથી આ પુલ જોખમી જણાયો હતો. બ્રિજના નિરીક્ષણ અને પરીક્ષણ બાદ આ પુલના ઈજારદાર સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત નબળી કામગીરી માટે સંબંધિત અધિકારી અને કર્મચારીઓ સામે પણ કડક પગલાં લેવાના આદેશો આપવામાં આવ્યાં છે. માર્ગ અને મકાન વિભાગે આ બ્રિજનું કામ ૨૦૧૮-૨૦૧૯ માં ઈજારદાર મેસર્સ રોયલ ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ., સુરત ને સોંપેલું હતું. આ કામની ટેન્ડર રકમ રૂ. ૧૦.૭૧ કરોડ હતી અને કામગીરી શરૂ કરવાની તારીખ તા. ૧૫/૦૯/૨૦૧૮ હતી તથા કામગીરી ભૌતિક રીતે ખરેખર તારીખ ૧૪/૦૮/૨૦૨૦ના રોજ પૂર્ણ થઈ હતી. વિભાગ દ્વારા બ્રિજની ચકાસણી દરમિયાન એક ફાઉન્ડેશન સેટલ થવાનું ધ્યાને આવેલ હતું. આ ક્ષતિ જણાતા ક્વોલિટી કંટ્રોલ પ્રભાગ દ્વારા સંપૂર્ણ બ્રિજનું પરીક્ષણ-નિરીક્ષણ કરવા જણાવ્યું હતું. તેમાં તપાસમાં બ્રિજના અન્ય ભાગોમાં પણ ક્ષતિ ધ્યાને આવી હતી. બ્રિજ વાહનવ્યવહાર માટે યોગ્ય અને સલામત ન હોવાનું જણાતાં તેના પર વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પણ પડી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ગંભીર ક્ષતિ ધ્યાને લઈને બ્રિજના બાંધકામ કરનારા કોન્ટ્રાક્ટર મેસર્સ રોયલ ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ. તથા તેના પ્રતિનિધિઓ સામે લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ અન્વયે ફોજદારી કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત, તેમણે બ્રિજના બાંધકામમાં થયેલી નબળી કામગીરી અને સંબંધિત બેદરકારી અંગે જવાબદાર અધિકારીઓ સામે પણ ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ હેઠળ કાર્યવાહી હાથ ધરવા આદેશ આપ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, રાજ્ય સરકાર જાહેર બાંધકામોમાં ગુણવત્તા અને સલામતી સાથે કોઈ બાંધછોડ ચલાવી લેવા માગતી નથી. મુખ્યમંત્રી શ્રી અવાર નવાર કહે છે કે બાંધકામની ગુણવત્તામાં ગંભીર ક્ષતિઓ અને જવાબદારીમાં બેદરકારી સામે કાયદા અને નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે આ કડક કાર્યવાહીથી તેમની એ વાત સાકાર થઈ છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અપનાવેલી 'જે કહેવું તે કરવું'ની કાર્યશૈલીનું વધુ એક ઉદાહરણ મુખ્યમંત્રીશ્રીએ પૂરું પાડ્યું છે.



# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિ દ્વારા આયોજિત આનંદ અર્પણનો (JOY OF GIVING) કાર્યક્રમ યોજાયો

## સાચી માનવતા એ છે જે પોતાની સાથે અન્યની પણ ચિંતા કરેઃ કાલુપુર બેંકનું લોકકલ્યાણકારી કાર્ય સમગ્ર સમાજ માટે અનુકરણીય પ્રેરણાસ્ત્રોત

### નાણાકીય સીમાઓથી ઉપર ઉઠીને કાલુપુર બેંકે માનવસેવાનું અદ્ભુત પુણ્યકાર્ય કર્યું છેઃ વિદ્યા, ધન અને બળનો સદઉપયોગ લોકકલ્યાણ માટે થવો જોઈએ




કમલમ્,

કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક દ્વારા આયોજિત માનવસેવા અને પરોપકારના ઉત્કૃષ્ટ ભાવ સાથે 'આનંદ અર્પણ' (JOY OF GIVING) ના કાર્યક્રમનું ભવ્ય આયોજન પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ખરી માનવતા એ છે કે જે વ્યક્તિ પોતાની સાથે સાથે અન્ય લોકોની પણ ચિંતા કરે અને જરૂરિયાતમંદોના જીવનમાં ખુશીઓ લાવવાનો પ્રયાસ કરે. રાજ્યપાલે બેંકના ચેરમેન શ્રી મિનેશભાઈ પટેલ અને તેમની સમગ્ર ટીમના આ માનવતાવાદી અભિગમની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, બેંકો સામાન્ય રીતે આર્થિક પ્રવૃત્તિઓ અને નાણાકીય લેણદેણ સુધી સીમિત રહેતી હોય છે, પરંતુ કાલુપુર બેંકે પોતાના દૈનિક કાર્યોની સાથે ઘર-ઘર જઈને લોકો પાસે રહેલી બિનઉપયોગી કે વધારાની વસ્તુઓ જેવા કે કપડાં, વાસણો અને બાળકોના રમકડાં એકત્ર કરી જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાનું જે અદ્ભુત પુણ્યકાર્ય કર્યું છે, તે સમગ્ર સમાજ માટે એક અનુકરણીય પ્રેરણાસ્ત્રોત છે. ભારતીય સંસ્કૃતિના મૂળ વિચારોની ભાવનાને રેખાંકિત કરતા રાજ્યપાલે જણાવ્યું હતું કે, સ્વામી દયાનંદ જેવા મહાપુરુષોના વિચારો અનુસાર દરેક મનુષ્યે માત્ર પોતાની જ નહીં, પરંતુ સમગ્ર સમાજની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ. જે વ્યક્તિ પોતાના માટે જે ઈચ્છે છે, તે જ ભાવ અન્ય લોકો માટે પણ રાખે છે, તે જ સાચો ધાર્મિક અને સંસ્કારી માનવી છે. રાજ્યપાલ શ્રી દેવવ્રતજીએ ભારપૂર્વક જણાવ્યું કે, ઈશ્વર એવા લોકોના હૃદયમાં વસે છે, જેઓ બીજાની આત્માને પોતાની આત્મા સમાન સમજીને દુઃખી અને વંચિત લોકોની સેવા કરે છે. જીવનમાં વિદ્યા, ધન અને બળનો સદઉપયોગ સત્કાર્યો અને લોકકલ્યાણ માટે થવો જોઈએ, જેથી આપણો સમાજ વધુ સંવેદનશીલ અને સમૃદ્ધ બને. સદવિચાર પરિવારના મેનેજીંગ ટ્રસ્ટી પી.કે લહેરીએ જણાવ્યું હતું કે હરિભાઈ પંચાલ દ્વારા ૨૬ વર્ષની ઉંમરે ૧૯૬૫માં સ્થપાયેલ 'સદવિચાર પરિવાર' સેવા, સંવેદના અને સમર્પણનો ત્રિવેણી સંગમ છે, જેમણે રક્તદાન, કેદીઓનું હૃદયપરિવર્તન, જેલમાં રાખડી અને અનેક સાહિત્યિક-સામાજિક ક્ષેત્રોમાં મૌલિક પ્રવૃત્તિઓનો પાયો નાખ્યો હતો, જેને આજે યુવા ટ્રસ્ટીઓની ટીમ આગળ ધપાવી રહી છે. કાલુપુર બેંકનો આભાર માનતાં તેમણે ઉમેર્યું કે, બેંક કર્મચારીઓના અથાક પરિશ્રમથી એકત્રિત થયેલા ૨૭,૦૦૦થી વધુ બોક્સ કપડાં, અનાજ, રમકડાં અને શૈક્ષણિક સામગ્રી બેંક અને સદવિચાર પરિવારના સભ્યોએ ખભેખભો મિલાવીને જરૂરીયાતમંદ સુધી સમયસર પહોંચાડીને એક અદ્ભુત માનવસેવાનું કાર્ય પુરું કર્યું છે. ચેરમેન શ્રી મીનેશ પટેલે જણાવ્યું હતું કે,"કાલુપુર બેંક સ્થાપનાના પ્રારંભિક વર્ષોથી જ આરોગ્ય, શિક્ષણ અને સામાજિક ઉત્કર્ષ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપતી આવી છે. આ જ પરંપરાને આગળ ધપાવતા જોય ઓફ ગિવિંગ' અભિયાન હેઠળ કર્મચારીઓ, તેમના પરિવારજનો અને ગ્રાહકોના સહયોગથી અનાજ તથા ઘરવપરાશની ઉપયોગી વસ્તુઓના ૨૭,૦૦૦થી વધુ બોક્સ એકત્રિત, વર્ગીકૃત અને પેક કરવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યુ હતું કે, દિવાળીના પાવન પર્વે જરૂરિયાતમંદ પરિવારોના ચહેરા પર સ્મિત લાવવાના શુભ આશયથી આ રાહત સામગ્રી સદવિચાર પરિવારને અર્પણ કરવામાં આવી છે, જે યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવશે. આ તકે તેમણે સમાજ સેવાના આ મહાયજ્ઞમાં નિષ્ઠાપૂર્વક યોગદાન આપનાર તમામ કર્મચારીઓ, ગ્રાહકો અને શુભેચ્છકોનો બેંક પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિ દ્વારા આયોજિત સેવા પરમો ધર્મ ના પ્રેરણાદાયી ઉદેશ સાથે આનંદ અર્પણના (JOY OF GIVING) ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, પૂર્વ ચેરમેન કાલુપુર બેંક, બેંકના ડિરેક્ટરશ્રીઓ સહિત અનેક શ્રેષ્ઠીઓ, પદાધિકારીઓ, સદ્વિચાર પરિવારના સેવાભાવી કાર્યકર્તાઓ, બેંકના અધિકારીઓ, કર્મયોગીઓ ઉપસ્થિત રહીને માનવસેવાના આ સંકલ્પમાં સહભાગી બન્યા હતા.

# જાપાનના કોબે ખાતે ૧૨૦ વર્ષ જૂના ઐતિહાસિક 'ઇન્ડિયા કલબ'માં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગુજરાતી સમુદાયને સંબોધિત કર્યો

## જૈન દેરાસરના દર્શન કરી નાયબ મુખ્યમંત્રીએ લીધા આશીર્વાદ



કમલમ્,

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોતાની જાપાન મુલાકાત દરમિયાન કોબે ખાતે વસતા ગુજરાતી અને ભારતીય સમુદાય સાથે વિશેષ સંવાદ સાધ્યો હતો. વર્ષ ૧૯૦૪થી અવિરત કાર્યરત અને ૧૨૦ વર્ષથી વધુનો ગૌરવશાળી ઈતિહાસ ધરાવતા ઐતિહાસિક 'કોબે ઈન્ડિયા ક્લબ' ખાતે આ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા પહેલાં તેમણે ક્લબની નજીક આવેલા પવિત્ર જૈન દેરાસરની મુલાકાત લઈ દર્શન-અર્ચન કર્યા હતા. ઈન્ડિયા ક્લબ ખાતે ઉપસ્થિત સમુદાયને સંબોધતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત અને વિદેશમાં વસતા ગુજરાતીઓ વચ્ચેનો સંબંધ માત્ર ઔપચારિક ન રહેવો જોઈએ. તેમણે આહ્વાન કર્યું કે દર બે વર્ષે આવતા ડેલિગેશનના માત્ર સ્વાગત કરવાથી એક ડગલું આગળ વધીને સતત સંવાદ જળવાઈ રહે તેવું મજબૂત માળખું તૈયાર કરવું જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે કોબે અને જાપાનમાં વસતા ભારતીય સમુદાયે પોતાની વર્ષોની મહેનતથી સ્થાનિક સ્તરે જે વિશ્વાસ અને સન્માન પ્રાપ્ત કર્યું છે, તેનો લાભ ગુજરાતના MSME અને નાના-મોટા ઉદ્યોગોને મળવો જોઈએ. સ્થાનિક સ્તરે એવું પ્લેટફોર્મ વિકસાવવામાં આવે કે જેથી ગુજરાતના ઉદ્યોગોને જાપાનમાં નવા વ્યાપારી ભાગીદારો અને બિઝનેસ તકો મળી શકે. આ દિશામાં ગુજરાતનો ઉદ્યોગ વિભાગ તેમજ ભારતીય દૂતાવાસ સંકલન સાધીને સંપૂર્ણ સહયોગ આપશે. આગામી દિવસોમાં આ સંયુક્ત પ્રયાસો થકી બંને પક્ષે નક્કર આર્થિક પરિણામો અને ભાગીદારી જોવા મળશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વિદેશમાં રહીને પણ પોતાની માતૃભૂમિ અને વતન ગુજરાત સાથે સતત જોડાઈ રહેલા અને સામાજિક ક્ષેત્રે અવિરત યોગદાન આપતા પ્રવાસી ગુજરાતી પરિવારોની સેવાભાવનાને તેમણે બિરદાવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણીઓ અને સમુદાયના સભ્યોએ નાયબ મુખ્યમંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરી ગુજરાત સાથે વેપાર અને સાંસ્કૃતિક સંબંધો વધુ સુદ્રઢ બનાવવાની ખાતરી આપી હતી.

# NCRTC એ 'નમો ભારત દિવસ ૨૦૨૬' ની ઉજવણી કરી, નમો ભારત કામગીરીના ત્રણ સફળ વર્ષ પૂર્ણ થયા



કમલમ્,

એનસીઆરટીસી (NCRTC) એ 'નમો ભારત દિવસ ૨૦૨૬' ની ઉજવણી કરી, જે નમો ભારત કામગીરીના ત્રણ સફળ વર્ષો અને પ્રાદેશિક ગતિશીલતા (મોબિલિટી) માં એક પરિવર્તનકારી યાત્રાને ચિહ્નિત કરે છે. આ પ્રસંગે માનનીય કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતો તથા ઊર્જા મંત્રી શ્રી મનોહર લાલ; માનનીય કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના રાજ્ય મંત્રી શ્રી તોખન સાહૂ; મોહુઆ (MoHUA) ના કેપિટલ ડેવલપમેન્ટ વિભાગના સચિવ અને એનસીઆરટીસીના અધ્યક્ષ શ્રીમતી ડી. થારા; અને શહેરી વિકાસ વિભાગના સચિવ શ્રી સત્યેન્દ્ર સિંહ ઉપસ્થિત રહ્યા હતા. એનસીઆરટીસીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી શલભ ગોયલે ડિરેક્ટરો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે એનસીઆરટીસીએ નમો ભારતની નોંધપાત્ર યાત્રા પર પ્રતિબિંબ પાડ્યું હતું, જેમાં મુખ્ય સિદ્ધિઓ, મલ્ટિમોડલ કનેક્ટિવિટી મજબૂત કરવાના ઉપાયો, મુસાફરોના અનુભવને બહેતર બનાવવા માટે ફર્સ્ટ અને લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી, અને પ્રોજેક્ટની પર્યાવરણીય તથા નાણાકીય સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે 'સોલર ઓન ટ્રેક' તેમજ ૧૧૦ મેગાવોટના કેપ્ટિવ સોલર પાવર પ્લાન્ટના વિકાસ જેવી પહેલો પર પ્રકાશ પાડ્યો હતો. આ સિદ્ધિઓ અને પ્રોજેક્ટ દ્વારા કરાયેલી પ્રગતિને એક ફિલ્મ દ્વારા રજૂ કરવામાં આવી હતી, જેમાં નમો ભારતની યાત્રાને આકાર આપતા પ્રયાસો, નવતર પ્રયોગો અને પહેલોને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બોલતા માનનીય કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતો તથા ઊર્જા મંત્રી શ્રી મનોહર લાલે જણાવ્યું હતું કે, "'નમો ભારત' એ માત્ર એક નામ નથી; તે સમર્પણ, સંસ્કૃતિ અને પરંપરાઓના મૂલ્યો સાથે રાષ્ટ્રને સર્વોપરી રાખવાની ભાવનાને મૂર્તિમંત કરે છે. નમો ભારત રેપિડ રેલ ભારતમાં પ્રાદેશિક કનેક્ટિવિટીના એક નવા યુગની શરૂઆત કરી રહી છે, જે શહેરી પરિવહન વિકાસના ભવિષ્યને નવો આયામ આપી રહી છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૦ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યા પછી, ૮૨ કિમી લાંબા દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ કોરિડોરે ૪.૫ કરોડથી વધુ મુસાફરોની યાત્રા નોંધાવી છે. આ સિદ્ધિ આધુનિક, સુરક્ષિત અને અવિરત પરિવહનમાં લોકોના વધતા વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "હું માનું છું કે બહેતર પરિવહન માત્ર શહેરો વચ્ચેનું અંતર ઘટાડતું નથી પરંતુ લોકોને નવી તકો સાથે પણ જોડે છે, જેનાથી પ્રાદેશિક વિકાસ અને આર્થિક પ્રગતિ ઝડપી બને છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને સાકાર કરવા માટે તેમના સમર્પિત અને કટિબદ્ધ યોગદાન બદલ હું NCRTC ના તમામ અધિકારીઓ, એન્જિનિયરો, ટેકનિકલ નિષ્ણાતો, કર્મચારીઓ અને કામદારોની પ્રશંસા કરું છું." સાહિબાબાદ અને દુહાઈ ડેપો વચ્ચેના ૧૭ કિમીના પ્રાયોરિટી સેક્શનના ઉદ્ઘાટન સાથે ઓક્ટોબર ૨૦૨૩ માં નમો ભારત કામગીરી શરૂ થઈ હતી. ત્યારબાદ સમગ્ર કોરિડોરને તબક્કાવાર રીતે કાર્યરત કરવામાં આવ્યો હતો. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મેરઠ મેટ્રોની સાથે સમગ્ર ૮૨ કિમીનો નમો ભારત કોરિડોર રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો. નમો ભારત હાલમાં દૈનિક ૧.૧ લાખથી વધુ મુસાફરોને સેવા આપે છે અને તેણે તાજેતરમાં આશરે ૧.૬૮ લાખની અત્યાર સુધીની સર્વોચ્ચ સિંગલ-ડે રાઈડરશીપ નોંધાવી છે. તેની ઝડપી, વારંવાર અને વિશ્વસનીય સેવાઓ સાથે, નમો ભારત લોકોને વધુ કાર્યક્ષમ રીતે મુસાફરી કરવામાં મદદ કરી રહ્યું છે, જેનાથી કાર્યસ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ અને આર્થિક કેન્દ્રો સરળ પહોંચમાં આવી રહ્યા છે અને મુસાફરોને તેમના દૈનિક જીવનમાં વધુ સુવિધા અને વધુ સમય મળી રહ્યો છે. અન્ય બે પ્રાથમિકતા ધરાવતા નમો ભારત કોરિડોર એટલે કે દિલ્હી-પાનિપત-કરનાલ અને દિલ્હી-ગુરુગ્રામ-બહરોરને ટૂંક સમયમાં મંજૂરી મળવાની શક્યતા છે. બીજા બે કોરિડોર, ગાઝિયાબાદ-જેવર અને નોઈડા-ફરીદાબાદ-ગુડગાંવ પણ ડીપીઆર (DPR) ના તબક્કામાં છે. આ પ્રસંગે આ પરિવર્તન પાછળ રહેલા લોકોની પણ ઉજવણી કરવામાં આવી હતી. ઉપસ્થિત લોકોને સંબોધતા એનસીઆરટીસીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી શલભ ગોયલે જણાવ્યું હતું કે, "NCRTC ની સ્થાપના દેશમાં આધુનિક, સુરક્ષિત, વિશ્વસનીય અને પર્યાવરણને અનુકૂળ પ્રાદેશિક પરિવહન પ્રણાલી વિકસાવવાના વિઝન સાથે કરવામાં આવી હતી. આજે જ્યારે આપણે પાછળ ફરીને જોઈએ છીએ ત્યારે એ જોવું ગૌરવની વાત છે કે આપણે આ વિઝનને કાગળ સુધી સીમિત નથી રાખ્યું પરંતુ તેને વાસ્તવિકતામાં બદલવા માટે મૂર્ત અને નોંધપાત્ર પ્રગતિ કરી છે." તેમણે દરેક પડકારમાં ટીમના સભ્યોની સાથે મજબૂત રીતે ઉભા રહેલા પરિવારો પ્રત્યે ખાસ આભાર વ્યક્ત કર્યો હતો, અને તેમના અવિચળ સમર્થનને સંસ્થાની યાત્રાનો એક અભિન્ન ભાગ તરીકે સ્વીકાર્યો હતો. આ પ્રસંગે વાર્ષિક એનસીઆરટીસી એવોર્ડ્સ પણ રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી માટે કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પુરસ્કાર વિજેતાઓને તેમની સમર્પણ ભાવના અને ઉત્કૃષ્ટતા પ્રત્યેની કટિબદ્ધતા માટે સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં નમો ભારતના સફળ અમલીકરણ અને કામગીરીમાં તેમના અમૂલ્ય યોગદાનની કદર કરવામાં આવી હતી. આ પુરસ્કારોએ માત્ર વ્યક્તિગત સિદ્ધિઓની જ ઉજવણી કરી નહતી પરંતુ સાહસિક ભાવના અને ટીમવર્કની પણ ઉજવણી કરી હતી જે એનસીઆરટીસીની યાત્રાને આગળ ધપાવવાનું ચાલુ રાખે છે. ઉજવણીમાં વાઈબ્રન્ટ સાંસ્કૃતિક અયામ ઉમેરતા, સંગીત અને નૃત્યના પ્રદર્શનોએ પ્રસંગમાં રંગ અને ઊર્જા ઉમેરી હતી. નમો ભારતની યાત્રા એ લોકોને તકોની નજીક લાવવા અને વધુ કનેક્ટેડ, સુલભ અને ટકાઉ પ્રદેશમાં યોગદાન આપવા માટે આધુનિક જાહેર પરિવહનની શક્તિના પુરાવા તરીકે ઊભી છે. પોતાના વિઝનના કેન્દ્રમાં મુસાફરો સાથે, એનસીઆરટીસી સુરક્ષિત, આરામદાયક, વિશ્વસનીય અને કાર્યક્ષમ ગતિશીલતાને આગળ ધપાવવા માટે કટિબદ્ધ છે જ્યારે આ પ્રદેશના લોકો માટે નમો ભારતની સિદ્ધિઓને આગળ વધારવાનું ચાલુ રાખે છે.

## અમદાવાદમાં 'ફિટઇન્ડિયા–સન્ડેઝ ઑન સાયકલ' ની ૯૫મી આવૃત્તિનું સફળ આયોજન; મહર્ષિ અત્રિ તપોવન સ્કૂલના બાળકોએ વિશ્વ ખાદ્ય દિવસ નિમિત્તે ફિટનેસ અને 'ઝીરો હંગર'નો સંદેશ આપ્યો




કમલમ્,

'ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ' (Fit India – Sundays on Cycle)ની ૯૫મી આવૃત્તિનું આજે સવારે ગાંધીનગર સ્થિત મહર્ષિ અત્રિ તપોવન સ્કૂલ ખાતે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ૧૬ ઑક્ટોબરે ઉજવાતા વિશ્વ ખાદ્ય દિવસના સંદર્ભમાં આયોજિત આ સાપ્તાહિક ફિટનેસ કાર્યક્રમની થીમ "વિશ્વ ખાદ્ય દિવસઃ હવે પગલાં ભરો! ભૂખમરો સમાપ્ત કરો" (World Food Day: Act Now! End Hunger) રાખવામાં આવી હતી.

ફિટનેસ, સંતુલિત પોષણ અને 'ઝીરો હંગર' અંગે જાગૃતિ

વિશ્વ ખાદ્ય દિવસ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શારીરિક સ્વાસ્થ્યની સાથે ટકાઉ ખાદ્ય પ્રણાલીઓ, સંતુલિત પોષણ અને 'ઝીરો હંગર' એટલે કે ભૂખમરો નાબૂદ કરવાના વૈશ્વિક લક્ષ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમ દ્વારા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અને ભૂખમરા સામે સામૂહિક પ્રયાસો કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

અધિકારીઓની ઉપસ્થિતિમાં સાયકલ રેલીને લીલી ઝંડી

ભારતીય રમતગમત પ્રાધિકરણ (SAI) અને ફિટ ઈન્ડિયા પહેલ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં સાઈના અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સાઈના શ્રી બિનોય ડી.એસ., સહાયક હેન્ડબોલ કોચ, તથા શ્રી શેખર નિગમે સાયકલ રેલીને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મહર્ષિ અત્રિ તપોવન સ્કૂલના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્થાનિક યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સહભાગીઓએ સાયકલિંગ દ્વારા ફિટનેસ, સ્વસ્થ જીવનશૈલી અને સામાજિક જવાબદારીનો સંદેશ આપ્યો હતો.

બાળકો અને યુવાનોનો ઉત્સાહપૂર્ણ સહભાગ

કાર્યક્રમ દરમિયાન બાળકોએ અને યુવાનોએ સાયકલિંગનો આનંદ માણવાની સાથે સક્રિય જીવનશૈલી પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની ભાગીદારીએ એ સંદેશ આપ્યો હતો કે ફિટનેસને દૈનિક જીવનનો હિસ્સો બનાવવો શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બંને માટે જરૂરી છે. કાર્યક્રમની શરૂઆત સવારે ૬:૦૦ વાગ્યે નિર્ધારિત સમય મુજબ થઈ હતી.

સાઈના અધિકારીઓ દ્વારા સાયકલ રેલીને લીલી ઝંડી બતાવ્યા બાદ સહભાગીઓએ નિર્ધારિત માર્ગ પર સાયકલિંગ કર્યું હતું. ત્યારબાદ શાળાના પરિસરમાં વિવિધ ફિટનેસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના દ્વારા નિયમિત શારીરિક પ્રવૃત્તિઓને જીવનશૈલીમાં સામેલ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ફિટ ઈન્ડિયા અભિયાનને વધુ વેગ

કેન્દ્રીય યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દ્વારા ડિસેમ્બર ૨૦૨૪માં શરૂ કરવામાં આવેલી 'ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ' પહેલનું આયોજન ભારતીય રમતગમત પ્રાધિકરણ (SAI) અને યુવા કાર્યક્રમ તથા રમતગમત મંત્રાલય (MYAS) દ્વારા સહયોગી સંસ્થાઓ સાથે દેશભરમાં સતત કરવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમ દ્વારા ફિટનેસના મહત્વને સંતુલિત પોષણ અને ભૂખમરો સમાપ્ત કરવાના સંદેશ સાથે જોડવામાં આવ્યો હતો. સાથે જ, યુવાનોને સ્વસ્થ સમાજ અને ફિટ રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

## આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે ચીખલી તાલુકાનાં વિવિધ ગામોમાં રૂ. ૯.૧૯ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું

**મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના સહિત વિવિધ યોજનાઓ હેઠળ રસ્તા, પુલ, ગ્રામ પંચાયત ભવન અને આંગણવાડીના નવાં મકાનોના કામોનો પ્રારંભ**



**આદિજાતિ વિસ્તારોમાં પાયાની સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવાની કટિબધ્ધતા વ્યક્ત કરતા આદિજાતિ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ**

કમલમ્,નવસારી

નવસારી જિલ્લાના ચીખલી તાલુકાનાં તલાવચોરા, ઘેજ, ચરી અને સોલધરા ગામોમાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના હસ્તે વિવિધ વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના સહિત વિવિધ યોજનાઓ હેઠળ રૂ. ૯.૧૯ કરોડના ખર્ચે હાથ ધરાનારા આ વિકાસકાર્યોના અમલીકરણથી ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધાઓ, શિક્ષણ, બાળપોષણ અને પાયાની માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બનશે. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આદિજાતિ વિસ્તારોમાં માર્ગ, શિક્ષણ અને બાળવિકાસ સહિતની પાયાની સુવિધાઓ વધુ સુદૃઢ બને તે માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ રૂ. ૯.૧૯ કરોડના ખર્ચે વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યાં છે. રાજ્ય સરકાર આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના સહિત વિવિધ યોજનાઓ દ્વારા રસ્તા, પુલ, ગ્રામ પંચાયત ભવન, આંગણવાડી કેન્દ્રો અને શૈક્ષણિક સુવિધાઓ જેવા પાયાના વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. વિકાસનો સાચો અર્થ ત્યારે સાકાર થાય છે જ્યારે ગામડાના સામાન્ય નાગરિક સુધી સારી સુવિધાઓ પહોંચે. વધુમા નરેશભાઈએ કહ્યું કે, આજે શરૂ થયેલા કામો પૂર્ણ થયા બાદ ગામોને વધુ સારી માર્ગ સુવિધા મળશે, પરિવહન સરળ બનશે, બાળકોને આધુનિક અને ચાઈલ્ડ-ફ્રેન્ડલી આંગણવાડીનો લાભ મળશે અને ગ્રામ પંચાયત જેવી સંસ્થાઓ વધુ સક્ષમ રીતે કાર્ય કરી શકશે. આ વિકાસકાર્યો માત્ર ઈમારતો કે રસ્તાઓનું નિર્માણ નથી, પરંતુ લોકોના જીવનમાં સુવિધા, સુરક્ષા અને નવી તકોનું નિર્માણ છે. તલાવચોરા ગામ ખાતે કાવેરી નદીના પુલની બાજુમાં તથા તલાવચોરા-ભુડરવાડ રોડ સહિતના માર્ગોનાં કામો, મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ તલાવચોરા સોલંકીવાસથી હળપતિવાસ થઈ ચીખલી-તલાવચોરા એમ.ડી.આર. રોડને જોડતા માર્ગનું કામ તેમજ તલાવચોરા ખાતે નવા ગ્રામ પંચાયત ભવનના બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઘેજ ગામ ખાતે નાના ડુંભરીયા-મોટા ડુંભરીયા રોડ પર કોઝવેને બદલે બ્રિજના નિર્માણ, વાંઝરી ફળિયાથી ઝાડી ફળિયા થઈ ખેરગામ-વાવ રોડને જોડતા માર્ગ, વાંઝરી ફળિયાથી ચરી ખુશાલ પ્રાથમિક શાળા સુધીના માર્ગ તેમજ ઘેજ ગામતળ ખાતે આંગણવાડીના નવા મકાનના બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઘેજ ખુશાલ ફળિયા પ્રાથમિક શાળામાં નવા ઓરડાના બાંધકામ તથા ઝાડી ફળિયા કોલવાડ કોઝવે પાસેના વિકાસકાર્યનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો. સોલધરા ગામ ખાતે દુધીયા ફળિયા-પેલાડ નાયકીવાડને ચીખલી-ખેરગામ રોડ સાથે જોડતા બાકી લંબાઈના માર્ગના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમજ સોલધરા ગામના વડ ફળિયા ખાતે ચાઈલ્ડ ફ્રેન્ડલી કોન્સેપ્ટ આધારિત આંગણવાડી કેન્દ્રના નવા મકાનના બાંધકામનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખશ્રીમતી નિરાલીબેન નાયક, તાલુકા પંચાયત પ્રમુખશ્રી રશ્મિકાબેન પટેલ, મયંકભાઈ પટેલ સરપંચશ્રી ,અધિકારી/પદાધિકારીઓ સહિત ગામના આગેવાનો તથા સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# STPI ટેક કોક્લેવ દ્વારા આરોગ્યસંભાળ અને સહાયક ટેકનોલોજીમાં AI ની સંભાવના પર ભાર મૂકવામાં આવ્યો

**આ કાર્યક્રમમાં સરકાર, શિક્ષણવિદો, આરોગ્યસંભાળ નિષ્ણાતો અને સ્ટાર્ટઅપ્સે આરોગ્ય, સમાવેશ અને સુખાકારીના ક્ષેત્રોમાં AI ના ઉપયોગ અંગે ચર્ચા કરવા માટે એકત્ર થયા હતા**

કમલમ્,

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) હેઠળની અગ્રણી S&T સંસ્થા, સૉફ્ટવેર ટેક્નોલોજી પાર્ક્સ ઑફ ઈન્ડિયા (STPI) અને સેન્ટર ફોર ઈનોવેશન, ઈન્ક્યુબેશન એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ (CIIE), IIT BHU દ્વારા IIT BHU, વારાણસી ખાતે "AI ફોર હેલ્થ એન્ડ અસિસ્ટિવ ટેક્નોલોજીસ" પર ટેક કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેવી રીતે આરોગ્યસંભાળને આગળ વધારી શકે છે, સુગમતામાં સુધારો કરી શકે છે અને વ્યાવહારિક, સ્કેલેબલ ઉકેલો દ્વારા સમાવેશ અને નાગરિક કલ્યાણને ટેકો આપી શકે છે તે શોધવા માટે સરકારી પ્રતિનિધિઓ, શૈક્ષણિક નિષ્ણાતો, આરોગ્યસંભાળ વ્યાવસાયિકો અને સ્ટાર્ટઅપ્સને એક મંચ પર લાવવામાં આવ્યા હતા.

ઉદ્ઘાટન સત્રની શરૂઆત પરંપરાગત દીપ પ્રાગટ્ય સાથે થઈ હતી, ત્યારબાદ CIIE, IIT BHU ના ફેકલ્ટી ઈન-ચાર્જ પ્રો. મનોજ કુમાર મેશ્રામ દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. આ સત્રમાં ભારત સરકારના સૈરૂ ના સચિવ શ્રી એસ. કૃષ્ણનનું કીનોટ એડ્રેસ (મુખ્ય પ્રવચન) રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારબાદ STPI ના ડાયરેક્ટર જનરલ શ્રી અરવિંદ કુમાર અને IIT BHU ના ડાયરેક્ટર પ્રો. અમિત પાત્રાના ખાસ સંબોધનો થયા હતા. ઉત્તર પ્રદેશ સરકારના IT અને ઈલેક્ટ્રોનિક્સ વિભાગના ઉત્તર પ્રદેશ સ્ટાર્ટઅપ મિશનના CEO શ્રી સુમિત મહાજન અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સિસ, BHU ના ઓન્કોલોજી વિભાગના પ્રોફેસર ડૉ. મલ્લિકા તિવારી દ્વારા પણ ખાસ સંબોધનો આપવામાં આવ્યા હતા. મુખ્ય પ્રવચન આપતાં ભારત સરકારના MeitY ના સચિવ શ્રી એસ. કૃષ્ણને જણાવ્યું હતું કે, "આરોગ્યસંભાળને વધુ સુલભ બનાવવામાં, તબીબી નિર્ણય લેવાની ક્ષમતાને મજબૂત કરવામાં અને સેવાની ડિલિવરીમાં સુધારો કરવામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મહત્વની ભૂમિકા ભજવી શકે છે, ખાસ કરીને એવા સમુદાયો માટે જ્યાં આરોગ્યસંભાળ સેવાઓની મર્યાદિત પહોંચ છે. તેમણે તમામ ક્ષેત્રોમાં AI શિક્ષણને સાંકળવાની અને વ્યાવહારિક ઉકેલો વિકસાવવા માટે ટેક્નોલોજી, મેડિકલ સાયન્સ અને સંશોધનના સમન્વયનો ઉપયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે રોગના સ્ક્રીનીંગ, મેડિકલ નિદાન, રિમોટ ICU મોનિટરિંગ અને AI-સહાયિત સર્જિકલ પ્લાનિંગ જેવા એપ્લિકેશનો દ્વારા આરોગ્યસંભાળની સુગમતા, પોષણક્ષમતા અને ગુણવત્તામાં સુધારો કરવામાં AI ની પરિવર્તનકારી ક્ષમતા પર ભાર મૂક્યો હતો. તેમણે સ્કેલેબલ હેલ્થકેર અને અસિસ્ટિવ ટેક્નોલોજી ઉકેલો વિકસાવવા માટે IIT (BHU), STPI, ઉદ્યોગ અને સ્ટાર્ટઅપ્સ વચ્ચે મજબૂત સહયોગને પ્રોત્સાહિત




કર્યો હતો. તેમણે IndiaAI મિશન અને અન્ય MeitY પહેલો દ્વારા ઉપલબ્ધ સહયોગ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જ્યારે એક ટકાઉ ઈનોવેશન ઈકોસિસ્ટમ બનાવવા માટે રોકાણકારો, વેન્ચર કેપિટલ નેટવર્ક્સ અને માર્કેટ તકો સાથે સ્ટાર્ટઅપ્સને જોડવામાં STPI ની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. STPI ના ડાયરેક્ટર જનરલ શ્રી અરવિંદ કુમારે છેલ્લા ત્રણ દાયકામાં ભારતના ટેક્નોલોજી ઈકોસિસ્ટમના પરિવર્તન પર વિચાર વ્યક્ત કર્યો હતો. ૧૯૯૧ થી ભારતના IT/ITeS ઉદ્યોગના વિકાસને સરળ બનાવવામાં STPI ની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડતા, તેમણે સ્વદેશી નવીનતા અને સાહસિકતા દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં આ સફળતાનું પુનરાવર્તન કરવાની તક પર ભાર મૂક્યો હતો. અગાઉ વિદ્યાર્થીઓ મુખ્યત્વે કેમ્પસ પ્લેસમેન્ટ સુરક્ષિત કરવાની આકાંક્ષા રાખતા હતા તે યાદ કરતા, તેમણે નોંધ્યું હતું કે આજનું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ યુવાન સંશોધકોને નોકરી સર્જક બનવા માટે સક્ષમ બનાવે છે. STPI ના ઉદ્યોગ જોડાણો અને ૨૭ સેન્ટર્સ ઑફ એન્ટરપ્રિન્યોરશિપ પર પ્રકાશ પાડતા, તેમણે ટ્રાન્સલેશનલ સંશોધન, બૌદ્ધિક સંપદાના સર્જન અને બજાર સુગમતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે IIT (BHU) જેવી શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગ અને સરકાર વચ્ચે વધુ ગાઢ સહયોગ દ્વારા, સ્થાપિત ટેક્નોલોજી હબ ઉપરાંત, ખાસ કરીને ઉભરતા પ્રદેશોમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત કરવાની જરૂરિયાત પર વધુ ભાર મૂક્યો હતો. IIT BHU ના ડાયરેક્ટર પ્રો. અમિત પાત્રાએ AI ફોર હેલ્થ એન્ડ અસિસ્ટિવ ટેક્નોલોજીસ પરના STPI ટેક કોક્લેવને સંબોધતા, સેન્ટર ફોર ઈનોવેશન, ઈન્ક્યુબેશન એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ (CIIE)ની સ્થાપના દ્વારા તેની સ્ટાર્ટઅપ અને એન્ટરપ્રિન્યોરશિપ ઈકોસિસ્ટમને મજબૂત કરવાના IIT (BHU) ના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને મહાકાંક્ષી સંશોધકોમાં સાહસિક વિચારસરણીને પોષવા માટે એક માળખાકીય સંસ્થાકીય માળખું બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો, જેથી તેઓ નવીન વિચારોને સક્ષમ સ્ટાર્ટઅપ્સમાં રૂપાંતરિત કરી શકે. તેમણે મહાકાંક્ષી સાહસિકોને ભંડોળના અનેક સ્ત્રોતો સાથે જોડવાની અને સ્ટાર્ટઅપ્સની એક ટકાઉ પાઈપલાઈન બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જે નવીનતા અને ટેક્નોલોજી આધારિત સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે IIT (BHU) ની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે. કોક્લેવમાં બે પેનલ ચર્ચા પણ યોજાઈ હતી— "એમ્પાવરિંગ સિટીઝન્સ થ્રુ AI: હેલ્થ, ઈન્ક્લુઝન એન્ડ વેલ-બીઈંગ" અને "ફ્રોમ ઈનોવેશન ટુ ઈમ્પેક્ટ: ટ્રાન્સલેટિંગ AI રિસર્ચ ઈન્ટુ સ્કેલેબલ હેલ્થકેર એન્ડ અસિસ્ટિવ સોલ્યુશન્સ" જે સરકાર, એકેડેમિયા, હેલ્થકેર અને સ્ટાર્ટઅપ્સના નિષ્ણાતોને AI ની ક્ષમતા અને તેના વ્યાવહારિક, સ્કેલેબલ ઉકેલોમાં રૂપાંતરણ અંગે ચર્ચા કરવા માટે એકસાથે લાવ્યા હતા. શ્રી પ્રવીણ કુમાર દ્વિવેદી, એડિશનલ ડાયરેક્ટર અને OIC, STPI લખનૌ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. પ્રથમ પેનલ ચર્ચા, "એમ્પાવરિંગ સિટીઝન્સ થ્રુ AI: હેલ્થ, ઈન્ક્લુઝન એન્ડ વેલ-બીઈંગ," માં પ્રો. મનોજ કુમાર મેશ્રામ, કોઓર્ડિનેટર, CIIE-IIT BHU; ડૉ. સંજય કુમાર સિંહ, પ્રોફેસર, કોમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગ વિભાગ, IIT BHU; પ્રો. અવનીશ સિંહ પરમાર, પ્રોફેસર, ભૌતિકશાસ્ત્ર વિભાગ, IIT (BHU); ડૉ. શિરુ શર્મા, પ્રોફેસર, બાયોમેડિકલ એન્જિનિયરિંગ વિભાગ, IIT BHU; ડૉ. રુચિ ચાવલા, એસોસિએટ પ્રોફેસર, ફાર્માસ્યુટિકલ એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી વિભાગ, IIT BHU; શ્રી શહબાઝ અહમદ, સ્થાપક, આર્કિઝન AI પ્રાઈવેટ લિમિટેડ; અને શ્રી અમિત કુમાર વર્મા, એડિશનલ ડાયરેક્ટર, STPI સહભાગી રહ્યા હતા. ચર્ચા વધુ સુલભ અને સમાવેશી આરોગ્યસંભાળને ટેકો આપવા અને નાગરિક કલ્યાણમાં સુધારો કરવા માટે AI ની ક્ષમતા પર કેન્દ્રિત હતી. બહુલક્ષી ક્ષેત્રીય સહભાગિતાએ લોકોની જરૂરિયાતોને પ્રતિસાદ આપતા ઉકેલો શોધવા માટે ટેક્નોલોજીકલ નિપુણતા, આરોગ્યસંભાળ સંબંધિત સંશોધન અને સાહસિક દ્રષ્ટિકોણને એકસાથે લાવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. બીજી પેનલ ચર્ચા, "ફ્રોમ ઈનોવેશન ટુ ઈમ્પેક્ટ: ટ્રાન્સલેટિંગ AI રિસર્ચ ઈન્ટુ સ્કેલેબલ હેલ્થકેર એન્ડ અસિસ્ટિવ સોલ્યુશન્સ," માં શ્રી રાજેશ્વર સિંહ જેનવાર, ડાયરેક્ટર, MeitY; ડૉ. આકાશ મિશ્રા, આસિસ્ટન્ટ પ્રોફેસર, સેન્ટર ઑફ બાયોસ્ટેટિસ્ટિક્સ, IMS-BHU; ડૉ. દુરગેશ નારાયણ સિંહ, સાયન્ટિફિક ઓફિસર, BioNest BHU; કુમારી તૃપ્તિ વર્મા, સ્થાપક, લેમિનએઆઈ; અને શ્રી શ્યામ કુમાર, COO, SGPGIMS, લખનૌ ખાતે STPI મેડટેક સેન્ટર ઑફ એન્ટરપ્રિન્યોરશિપ સહભાગી રહ્યા હતા. આ સત્ર સંશોધન અને નવીનતાથી લઈને આરોગ્યસંભાળ અને અસિસ્ટિવ ટેક્નોલોજીમાં વ્યાવહારિક, સ્કેલેબલ ઉકેલો તરફની સફર પર કેન્દ્રિત હતું.

સંસ્થાકીય, વૈજ્ઞાનિક અને સ્ટાર્ટઅપ દ્રષ્ટિકોણના મિશ્રણે આશાસ્પદ વિચારોને વાસ્તવિક દુનિયાના ઉપયોગ તરફ આગળ વધારવામાં મદદ કરવા માટે સહયોગના મૂલ્ય પર ભાર મૂક્યો હતો. કોક્લેવે સુલભ આરોગ્યસંભાળ, અસિસ્ટિવ ટેક્નોલોજી અને સમાવેશી કલ્યાણ માટે AI નો ઉપયોગ કરવા સરકાર, એકેડેમિયા, આરોગ્ય સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ વચ્ચે સહયોગના મહત્વને પુનર્જીવિત કર્યું હતું. સતત જોડાણ, સંશોધન રૂપાંતરણ અને સાહસિકતા સહયોગ દ્વારા, STPI અને CIIE, IIT BHU નું લક્ષ્ય એક એવી નવીનતા ઈકોસિસ્ટમમાં યોગદાન આપવાનું છે જે સામાજિક જરૂરિયાતો માટે વ્યાવહારિક, જવાબદાર અને સ્કેલેબલ ટેક્નોલોજી ઉકેલો વિકસાવે છે.

STPI વિશેઃ

સૉફ્ટવેર ટેક્નોલોજી પાર્ક્સ ઑફ ઈન્ડિયા (STPI) એ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) હેઠળની એક અગ્રણી જીજ્ઞ સંસ્થા છે, su IT/ITES ઉદ્યોગ, નવીનતા, સંશોધન અને વિકાસ, સ્ટાર્ટઅપ્સ અને ઉભરતા ટેક્નોલોજી ક્ષેત્રોમાં ઉત્પાદન અને બૌદ્ધિક સંપદાના સર્જનને પ્રોત્સાહન આપવામાં રોકાયેલી છે. જેમાં ઈન્ટરનેટ ઑફ થિંગ્સ, બ્લોકચેન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, કોમ્પ્યુટર વિઝન, રોબોટિક્સ, ઑગમેન્ટેડ અને વર્ચ્યુઅલ રિયાલિટી, એનિમેશન અને વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, અને ડેટા સાયન્સ અને એનાલિટિક્સનો સમાવેશ થાય છે. STPI ગેમિંગ, ફિનટેક, એગ્રીટેક, મેડટેક, ઓટોનોમસ અને કનેક્ટેડ મોબિલિટી, ESDM, સાયબર સિક્યુરિટી, ઈન્ડસ્ટ્રી ૪.૦ અને ડ્રોન જેવા ક્ષેત્રોમાં નવીનતાને ટેકો આપે છે.

